# ટ્રાન્સ વર્લ્ડ રેડિયો - ઈન્ડિયા

## ''વિજેતા'' પ્રાર્થના કેલેન્ડર - નવેમ્બર - ૨૦૨૪

પો.બો. નં. ૨૦૩૬, ફતેહગંજ, વડોદરા - ૩૯૦૦૦૨

(૧) ચારિત્ર : ઈશ્વર આપણા ચારિત્રની વધારે ચિંતા કરે છે. પુરુષો માટે પ્રાર્થના કરો કે ઈશ્વર તેમના ચારિત્રને કોઈપણ સંજોગોમાં સારું બનાવી રાખે. આપણે ખ્રિસ્તની પ્રતિમા જેવા છીએ. (રોમન ૮:૨૬-૨૭)

(૨) સ્વ-જીવન : ઈશ્વર આપણામાંના સ્વ પર ઈરાદાપૂર્વક હુમલો કરે છે. જ્યાં સ્વ છે ત્યાં અહંકાર અને અભિમાનનું દુઃખ હોય છે. પુરુષો માટે પ્રાર્થના કરો કે તેઓ પોતાના સ્વને વધસ્તંભે જડાવે જેથી તેઓ વધુ ખ્રિસ્ત જેવા બને. (ગલાતી ૫:૨૪)

(૩) ત્રિએકતા : માણસ એક ત્રિએક વ્યક્તિ છે. જે ઈશ્વરની પ્રતિમામાં બનાવવામાં આવ્યો છે. (ગલાતી ૧:૨૭) આપણામાં આત્મા, જીવ અને શરીર છે. (૧ થેસ્સા. ૫:૨૩) પુરુષો માટે પ્રાર્થના કરો કે આત્મિક, ભાવનાત્મક અને શારીરિક કસરતના ત્રણેય સ્તરો પર સંતુલન રાખી શકે.

(૪) પરીક્ષણ : પુરુષને માટે પ્રાર્થના કરો કે તે પરીક્ષણ કરતાં વર્તમાનમાં ઈશ્વરને વિશ્વાસુ રહે. જેમ હનોખ ઈશ્વરની સાથે ચાલ્યો તેમ આપણે ઈશ્વરને માન આપીએ. (ઉત્પતિ ૫:૨૪)

(૫) પ્રતિષ્ઠા : મારું ચારિત્ર એ હું કોણ છું, મારા પ્રતિષ્ઠા જે અન્ય લોકો કહે છે તે છે. ડી.એલ.મૂડીએ કહ્યું કે, જો આપણે આપણા ચારિત્રનું ધ્યાન રાખીશું તો આપણી પ્રતિષ્ઠા પોતે જ પોતાનું ધ્યાન રાખશે. પ્રાર્થના કરો કે પુરુષો ખાનગી તેમજ જાહેરમાં ઈશ્વરપરાયણ બને. ઈશ્વરે ઈબ્રાહિમને કહ્યું, ''મારી સમક્ષ ચાલ અને તું પરિપૂર્ણ થા.'' (ઉત્પતિ ૧૭:૧)

(૬) આપણે કોણ છીએ ? : આપણી પાસે શું છે અથવા આપણે શું કરીએ છીએ અથવા જાણીએ છીએ તે નહિ, પરંતુ આપણે કોણ છીએ તે સૌથી અગત્યનું છે. તેથી ''સાવધ રહો, વિશ્વાસમાં દઢ રહો, પુરુષાતન દેખાડો, બળવાન થાઓ. જે કંઈ તમે કરો તે પ્રીતિથી કરો.'' (૧ કરિંથી ૧૬:૧૩-૧૪) તમારા વર્તન અને સંબંધો દ્વારા ખ્રિસ્તના ચારિત્રને પ્રદર્શિત કરવા માટે પ્રાર્થના કરો.

(૭) આભાર માનવો : ''જે આભારસ્તુતિના અર્પણ ચઢાવે છે તે મારો મહિમા પ્રગટ કરે છે, અને જે પોતાની વર્તણૂક નિયમસર રાખે છે, તેને હું દેવનું તારણ દેખાડીશ.'' (ગી.શા. ૫૦:૨૩)આભારસ્તુતિ મારી ચિંતાઓ અને મુશ્કેલીઓ છતાં ઈશ્વર પ્રત્યેના મારા વિશ્વાસની અભિવ્યક્તિ છે. જો આપણે તેને આ રીતે માન આપીએ તો તે આપણને બદલો આપે છે.

(૮) શું તું મને ખરેખર પ્રેમ કરે છે ? : ''શું તું મને ખરેખર પ્રેમ કરે છે ?'' (યોહાન ૨૧:૧૫-૧૭) પુનરુત્થાન પામેલા ખ્રિસ્તે ખરાબ રીતે નિષ્ફળ ગયેલા પિતરને આ પ્રશ્ન ત્રણ વખત પૂછ્યો. જ્યારે આપણે તેમને નિષ્ફળ કરીશું ત્યારે ઈશ્વર આપણને આ જ પ્રશ્ન પૂછશે. જો આપણે પિતરની જેમ જવાબ આપવા તૈયાર હોઈએ તો તે ફરીથી ઉપયોગ કરવા માંગે છે.

(૯) દયા : ''કેમ કે હું ભલાઈ ચાહું છું, ને યજ્ઞાર્પણ નહિ અને દહનાર્પણો કરતાં ઈશ્વરનું જ્ઞાન ચાહું છું.'' (હોશિયા ૬:૬) આપણા પડોશીઓ સાથે જે રીતે વ્યવહાર કરીએ છીએ તેનાથી ઈશ્વર પ્રત્યેનો આપણો પ્રેમ પ્રગટ થાય છે. ચાલો આપણે આપણી જાતને ચકાસીએ અને જોઈએ કે શું આપણે આપણા સંબંધોમાં પ્રેમ, દયા અને વિશ્વાસને વ્યવહારમાં મુકીએ છીએ કે નહિ ?

(૧૦) વહેંચણી : ''ચોરી કરનારે હવેથી ચોરી નકરવી, પણ તેને બદલે પોતાને હાથે ઉદ્યોગ કરીને સુકૃત્યો કરવા, જે થી જેને જરૂર છે તેને આપવાને પોતાની પાસે કંઈ હોય.'' (એફેસી ૪:૨૮) લોભ નહિ પણ ઉદારતાએ આપણું જીવન નક્કી કરવું જોઈએ. શું હું પ્રશ્ન પૂછવા તૈયાર છું કે ''મારા પૈસાની માલિકી કોની છે ?''

(૧૧) શૃંગારતા : ''તે પોતાના મુખનાં ચુંબનોથી મને ચુંબન દે, કેમ કે તારી પ્રીતિ દ્રાક્ષારસ કરતાં ઉત્તમ છે.'' (ગીતોનું ગીત ૧:૨) શૃંગારતાની સુંદરતા એ પતિ-પત્ની વચ્ચેના સંબંધ માટે ઈશ્વરની ભેટ છે. આપણે પતિત થયેલી દુનિયામાં જીવીએ છીએ, પરંતુ ઈશ્વરની કૃપાથી આપણો સૌથી ઘનિષ્ઠ સંબંધ પણ સાજો થઈ શકે છે.

(૧૨) વ્યક્તિત્વ : એક ખ્રિસ્તી વ્યક્તિ માટે સૌથી અગત્યનો નિર્ણય ઈશ્વરને તેની ઈચ્છાનું અર્પણ કરવું એ છે. પવિત્ર આત્મા આપણા વર્તન અથવા વ્યક્તિત્વની લાક્ષણિકતાઓને બદલવા અને શુદ્ધ કરવા માંગે છે. તેથી "આ જગતનું રૂપ તમે ન ધરો, પણ તમારાં મનથી નવીનતાને યોગે તમે પૂર્ણ રીતે રૂપાંતર પામો, જેથી દેવની સારી તથા માન્ય તથા સંપૂર્ણ ઈચ્છા શી છે, તે તમે પારખી શકો." (રોમન ૧૨:૨)

(૧૩) સ્વભાવ : તમારું વ્યક્તિત્વ કોઈપણ પ્રકારનું હોય, પરંતુ પવિત્ર આત્માને તમારામાં તેમના ફળ ઉત્પન્ન કરવા દો. એ અગત્યનું છે. "પ્રેમ, આનંદ, શાંતિ, ધીરજ, દયા, ભલાઈ, વિશ્વાસુપણું, નમ્રતા તથા સંયમ." (ગલાતી ૫:૨૨, ૨૩)

(૧૪) નવી ઓળખ : "પણ જેટલાંએ તેનો અંગીકાર કર્યો, એટલે જેટલાં તેના નામ પર વિશ્વાસ કરે છે, તેટલાંને તેણે દેવનાં છોકરાં થવાનો અધિકાર આપ્યો." (યોહાન ૧:૧૨) અદ્ભુત ! પ્રભુની સ્તુતિ થાઓ. તે નમ્ર વિશ્વાસ દ્વારા, વધસ્તંભ પરના ખ્રિસ્તના મરણ દ્વારા ઉદ્ધારની ભેટને સ્વીકારીને આપણે ઈશ્વરના બાળકો તરીકે નવી ઓળખ પ્રાપ્ત કરીએ છીએ.

(૧૫) નબળાઈ શક્તિ બને છે : "અને તેણે મને કહ્યું છે કે, તારે વાસ્તે મારી કૃપા બસ છે, કેમ કે મારું સામર્થ્ય નિર્બળતામાં સંપૂર્ણ થાય છે. ખ્રિસ્તનું પરાક્રમ મારા પર આવી રહે, એ સારુ ઊલટું હું ઘણી ખુશીથી મારી નિર્બળતા વિષે અભિમાન કરીશ." (૨ કરિંથી ૧૨:૯) આપણી નબળાઈઓ ઈશ્વરની શક્તિ બતાવવાની તકો છે. તેથી તેમની સ્તુતિ કરો.

(૧૬) ભાંગેલો પાયો : વ્હાલા ઈશ્વર, તમામ માનવીય પાયા ભાંગી પડ્યા છે. આ દુનિયામાં એવું કંઈ નથી કે જેના પર આધાર રાખી શકાય. મારા માટે કંઈ આશા છે ? હું જાણું છું કે તમે સર્વશક્તિમાન ઈશ્વર અતુટ અને અચળ છો. તેથી, હું તમારા પર મારું જીવન બાંધીશ. હે પ્રભુ ઈસુ, મારો મજબૂત પાયો હોવા બદલ તમારો આભાર ! (ગી.શા. ૧૧:૩-૪)

(૧૭) જીવવાનું રહસ્ય : "હું ખ્રિસ્તની સાથે વધસ્તંભે જડાયો, પરંતુ હું જીવું છું, તો પણ હવેથી હું નહિ, પણ મારામાં ખ્રિસ્ત જીવે છે, અને હવે દેહમાં જે મારું જીવન તે દેવના દીકરા પરના વિશ્વાસથી જ છે, તેણે મારા પ્રેમ રાખ્યો, અને મારે સારુ પોતાનું અર્પણ કર્યું." (ગલાતી ૨:૨૦) ખ્રિસ્તી જીવન જીવવાનું રહસ્ય એ છે કે ખ્રિસ્તને આપણામાં અને તેના દ્વારા જીવન જીવવા દેવા તેમના વચનને સાંભળો અને પ્રાર્થનામાં તેમને શોધો.

(૧૮) કામગીરી : વ્હાલા ઈશ્વર, હું બચી ગયો હોવા છતાં મારી કામગીરીની સમસ્યાઓ ચાલુ છે. મેં વિચાર્યું કે મારે સારું કરવું જોઈતું હતું. હું સમજુ છું કે તમે સર્વ ભલાઈના સ્રોત છો. હવે મને સમજાયું કે તમે મારા દ્વારા તમારા સારા કાર્યો કરવા માટે મારામાં રહો છો. મારી સમસ્યાને ઉકેલવા બદલ તમારો આભાર. (ફિલીપી ૧:૬)

(૧૯) ઈશ્વર તેમનું વચન પાળે છે : વ્હાલા ઈશ્વર, તમે સર્વશક્તિમાન ઈશ્વર છો. તેથી તમારા માટે કંઈપણ મુશ્કેલ નથી. તમે જેમ વચન આપ્યું હતું તેમ તમે ઈબ્રાહીમની કાળજી લીધી. તમે મારી પણ કાળજી લેવાનું વચન આપ્યુ છે. જો કે તમે કરશો એવું માનવું મારા માટે ક્યારેક મુશ્કેલ હોય છે. અવરોધો છતાં તમારા પર વિશ્વાસ કરવા માટે મારો વિશ્વાસ દઢ કરો. (રોમન ૪:૨૧)

(૨૦) ઈશ્વર વિશ્વાસુ છે : હે સ્વર્ગીય પિતા, તમારા વિશ્વાસુપણાનો રેકોર્ડ દોષરહિત છે. તમે હંમેશા તમારાં વચન પાળો છો. તમે જે કહો છો તે કરો છો, પણ હું ક્યારેક અકળાઈ જાઉં છું અને નિષ્ફળ જાઉં છું, પણ હું અવિશ્વાસુ હોઉં ત્યારે પણ તમે વિશ્વાસુ રહો છો. ખરેખર હું મારા જીવન સાથે તમારા પર વિશ્વાસ કરી શકું છું. મારી લાગણીઓને ધ્યાનમાં રાખ્યા વિના હું તમારા પર વિશ્વાસ રાખી શકું એવું થવા દો. (૧ થેસ્સા. ૫:૨૪)

(૨૧) ઈશ્વરનો પ્રેમ : ઈશ્વરપિતા, મને ખૂબ પ્રેમ કરવા બદલ આભાર. તમારું વચન મને જણાવે છે કે તમે કેવી રીતે ઈસુ ખ્રિસ્તને મારા માટે મરવા મોકલ્યા. જેથી તમે મારા દ્વારા તમારું જીવન જીવી શકો. મને તમારા બિનશરતી પ્રેમની ખાતરી વિશ્વાસ અને સ્વીકાર કરવા સહાય કરો. પછી હું તમારા દ્વારા જીવી શકીશ અને પ્રેમ કરી શકીશ. (૧ યોહાન ૪:૮,૯)

(૨૨) કાયર : આ જગતનો રાજકુમાર ઈશ્વરના સત્યનો વિરોધી છે. પ્રભુ ઈસુએ તેને શરૂઆતથી જ જૂઠો કહ્યો છે. જ્યારે ઈશ્વરના સત્ય અને તેના અસત્યનો સામનો થાય છે ત્યારે તે સંઘર્ષ ટાળવો ખૂબ જ સરળ છે, પરંતુ બાઈબલ આપણને ચેતવણી આપે છે. આપણે સ્થાન ગ્રહણ કરવું જોઈએ. "પણ કાયર અવિશ્વાસુ છે ..... તેમનું સ્થાન અગ્નિની ખાઈમાં હશે."

(૨૩) જ્ઞાનનો અભાવ : "મારા લોકો જ્ઞાનને અભાવે નાશ પામે છે, તેં જ્ઞાનનો અનાદર કર્યો છે, તે માટે હું પણ તને મારા યાજકની પદવી પરથી દૂર કરીશ ....." (હોશિયા ૪:૬) ભૂતકાળમાં ઈસ્રાએલની જેમ આજે દરેક ખ્રિસ્તી વ્યક્તિને જરૂરિયાતમંદ વિશ્વ માટે ઈશ્વરના પ્રતિનિધિ તરીકે તેડવામાં આવે છે. પ્રાર્થનાના પુરુષ બનો, શાસ્ત્રનો અભ્યાસ કરો અને જીવો અને ઈશ્વરના સત્યને લોકોને જણાવો.

(૨૪) ઘેટાંપાળકો : "પાળકોને અફસોસ, કેમ કે તેઓ માત્ર પોતાનું પોષણ કરે છે. શું પાળકોએ ઘેટાંનું પોષણ ન કરવું જોઈએ?" (હઝકીએલ ૩૪:૨) ઘેટાંપાળકો એવા આગેવાનો છે જેઓ ટોળાની દેખરેખ રાખે છે. પતિ અને પિતા તરીકે અમને અમારી પત્ની અને બાળકોની સંભાળ રાખવાની જવાબદારી સોંપવામાં આવી છે. ઈશ્વરની સહમતી મેળવનાર પુરુષ બનો.

(૨૫) ઈશ્વરપરાયણ પુરુષો : "હે યહોવા, બચાવ કર, કેમ કે ધાર્મિક માણસો ખૂટે છે, જનસમાજમાંથી વિશ્વાસુ માણસો ઘટી જાય છે." (ગી.શા. ૧૨:૧) ઈશ્વરપરાયણ મિત્રનું મરણ થયું અને મને દાઉદના આશરે ૧૦૦૦ વર્ષ પૂર્વે વચનની યાદ અપાવી. ઘણા ઓછા છે જે ગમે તે ભોગે પ્રામાણિક અને વિશ્વાસમાં જીવન જીવે છે. ઈશ્વરપરાયણ બનવા માટે પ્રાર્થના કરો.

(૨૬) માર્ગદર્શન : "બાળકે જે માર્ગમાં ચાલવું જોઈએ તે શીખવવા માટે ખંત અને ધીરજ જરૂરી છે." (નીતિવચનો ૨૨:૬) માતાપિતા તરીકે આપણને આપણા બાળકોને ઈશ્વરના ભયમાં ઉછેરવા માટે કૃપા અને ડહાપણની જરૂર છે. જેથી તેઓ મોટા થાય ત્યારે પણ તેઓ માર્ગથી ભટકી ન જાય. હે ઈશ્વર, અમે તમારી સહાય પર વિશ્વાસ રાખી શકીએ છીએ તે બદલ તમારો આભાર.

(૨૭) ભરણપોષણ : "તું તારે હાથે મહેનત કરીને ખાશે, તું સુખી થશે, અને તારું કલ્યાણ થશે." (ગી.શા. ૧૨૮:૨) ચાલો, બેરોજગાર પુરુષો માટે પ્રાર્થના કરીએ. આજે અમે મધ્યસ્થી કરીએ છીએ કે તેમના માટે સારા કાર્ય માટે દ્વાર ખુલ્લા થાય. જેથી તેઓ તેમના પરિવારનું પૂરતું ભરણપોષણ કરી શકે.

(૨૮) પત્ની : વફાદારી, પવિત્રતા અને પ્રતિષ્ઠા એ શબ્દો અયોગ્ય લાગે છે, પરંતુ ખ્રિસ્તી પતિ માટે બાઈબલનું શિક્ષણ લાગુ પડે છે. "તું તારી જુવાનીની પત્નીમાં આનંદ માન." (નીતિવચનો ૫:૧૮) હે ઈશ્વર, તમારા આત્મા માટે આભાર જે અમને ચેતવે છે અને પરીક્ષણથી દૂર કરવામાં અને અમારી પત્નીઓને માન આપવામાં મદદ કરે છે.

(૨૯) બાળકો : "છોકરાંનાં છોકરાં વૃદ્ધ પુરુષનો મુગટ છે, અને છોકરાંનો મહિમા તેઓના પિતાઓ છે." (નીતિવચનો ૧૭:૬) એક જ કુટુંબમાં પેઢીઓ વચ્ચે સ્વસ્થ સહ અસ્તિત્વ એ વર્ષોથી કેળવાયેલા સંબંધોનું ફળ છે. હે સ્વર્ગીય પિતા, અમને પિતા તરીકે જ્ઞાની બનવા અને અમારા પરિવારોમાં સંતુલન રાખતાં શીખવો.

(૩૦) આરાધના : "જ્યારે તેઓએ મને કહ્યું કે, આપણે યહોવાને મંદિરે જઈએ, ત્યારે હું આનંદ પામ્યો." (ગી.શા. ૧૨૨:૧) દાઉદ રાજાને જ્યારે ઈશ્વરના બાળકો સાથે ઈશ્વરની આરાધના કરવાનું આમંત્રણ આપવામાં આવ્યુ ત્યારે તેમને આનંદ થયો. મંડળીઓને એવા પુરુષોની જરૂર છે જે પોતે દેવળમાં જાય અને પોતાના પરિવારજનોને સાથે આરાધના કરવા બોલાવે. હે ઈશ્વર, હું બીજા લોકોને મારી સાથે ઈશ્વરની આરાધના કરવા પ્રેરણા આપું એવું થવા દો.

ટ્રાન્સ વર્લ્ડ રેડિયો - ઈન્ડિયા

પો.બો. નં. ૨૦૩૬, ફતેહગંજ, વડોદરા - ૩૯૦૦૦૨

**M. No. : 9327621391**

**Free MP3 download : radio882.com, twr media app**

**FB : https://www.facebook.com/twrgujarati/**

**Youtube : youtube.com/c/twrindiagujarati**

**Spotify : www.radio882.com/spotify-gujarati**

**Gujarati Internet FM Radio TWR : http://Radio882.com/fmgujarati**

**Gujarati TV Program:Gujarat First Channel, Time:06:30 to 07:00 (Morning) (Monday to Saturday)**